**(સુરત મહાનગરપાલિકા સંચાલિત તરણકુંડમાં નવા પ્રવેશ મેળવતા માત્ર ઈચ્છુક તરવૈયા સભ્ય માટે)**

# –:: સોગંદ ઉપર સંમતિ દર્શાવતું કબુલાતનામું ::–

આજ રોજ તા. ....હાલની તારીખ...., વાર ....વાર લખો.... નાં રોજ

**અમો નીચે સહી કરનાર :–** ....સ્વીમીંગ કરનાર અરજદારનું પુરેપુરૂ નામ લખવું.....,

ઉ.વ. ..હાલની ઉંમર.., ધંધો:– ....નોકરી/ધંધો કરે છે?.... ધર્મ:– ....લાગુ પડતો ધર્મ લખવો....

રહે:– ....સ્વીમીંગ કરનાર અરજદારએ પોતાનું પુરેપુરૂ સરનામું લખવું....., સુરતના

અમો અમારા ધર્મ પ્રમાણે સત્ય પ્રતીજ્ઞા પર જાહેર કરીએ છીએ કે:–

અમોએ સુરત મહાનગરપાલિકા સંચાલિત ....તરણકુંડનું નામ લખવું.... સ્વીમીંગપુલમાં તરવૈયા તરીકે સ્વીમીંગ કરવા માટે અરજી ફોર્મ રજુ કરેલ છે. જે અરજી ફોર્મમાં સુરત મહાનગરપાલિકા દ્વારા નકકી થયેલા તમામ નીતિ–નિયમો અમો તથા અમારા પરિવારના સભ્યોએ વાંચેલ છે. જે તમામ નીતિ–નિયમો અમોને તથા અમારા પરિવારનાં સભ્યોને કબુલ મંજુર છે.

સુરત મહાનગરપાલિકા સંચાલિત, તરણકુંડો કાર્યરત છે. જેમાં હાલમાં, નવા પ્રવેશ મેળવતા તરવૈયા સભ્યોએ તરવૈયા બેચમાં પ્રવેશ મેળવવા માટે જે–તે તરણકુંડ ખાતે (૧) તરણકુંડનાં માન્ય ફોરમેટ મુજબ **"સોગંદ સહિતનું સંમતિ દર્શક કબુલાતનામું"** અને (૨) તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વી.ઈન્સ્ટ્રકટર મારફતે તરણ–પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરવાની રહેશે. અન્યથા શિખાઉ બેચમાં જ શિખાઉ સભ્ય તરીકે પ્રવેશ આપવામાં આવશે. જે અંગે તરણકુંડનાં ઈન્ચાર્જ સ્વી.ઈન્સ્ટ્રકટરનો નિર્ણય માન્ય રાખી અંતિમ ગણવામાં આવશે. આ તરણ–પરીક્ષા દરમ્યાન ૧૦૦ મીટર લંબાઈમાં સળંગ તરણક્રિયા પૂર્ણ કરવાની અને સ્વીમીંગપુલની મધ્યે સતત ૧૦ મીનીટ સાયકલીંગ કરવાની રહેશે.

તરણ–પરીક્ષા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા જે શરતો નકકી કરેલ છે. તે શરતોને આધિન અને જે કાંઈ ફોરમેટ સુરત મહાનગરપાલિકાએ નકકી કર્યુ છે તે ફોર્મેટ પ્રમાણે અરજી કરીને હમો લખી આપનારની વિનંતીને ધ્યાનમાં લઈને ....તરણકુંડનું નામ લખવું.... સ્વીમીંગપુલમાં સ્વીમીંગ કરવા માટે પરવાનગી આપી છે. અને નકકી થયેલ શરતોને કબુલ રાખી સોગંદ ઉપર સંમતિદર્શક કબુલાતનામું લખી આપવા હમોએ સ્વીકાર્યુ છે તે પ્રમાણે હમો આ સોગંદ ઉપર સંમતિદર્શક કબુલાતનામું લખી આપું છે.

હું શારીરિક તથા માનસિક રીતે સંપુર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત છું. અમો લખી આપી જણાવીએ છીએ કે અમોએ સુરત મહાનગરપાલિકાએ નકકી કરેલ નીતિ–નિયમો મુજબ અને ફોર્મેટમાં મેડીકલ ફીટનેસ સર્ટીફીકેટ રજુ કરીશું અને તે હાલમાં અરજી ફોર્મ સાથે રજુ કર્યુ છે, તે રીતે હું સ્વીમીંગપુલમાં સરળતાથી સ્વીમીંગ કરવાને સક્ષમ છું. તેમ છતાં મને સ્વીમીંગપુલમાં સ્વીમીંગ માટેપ્રવેશ આપવામાં આવશે તો સ્વીમીંગ દરમ્યાન કે ત્યારબાદ મને કાંઈપણ શારીરિક તથા માનસિક તકલીફ ઉભી થાય અગર તો કુદરતને આધીન મૃત્યુ થાય તો તેની સંપુર્ણ જવાબદારી મારી તથા મારા પરિવારની છે તે સંમતિ સાથે હું સ્વીમીંગપુલમાં સ્વીમીંગ કરવાની

૨.......

સ્વેચ્છાએ બાંહેધરી સુરત મહાનગરપાલિકાને આ એફીડેવીટથી લખી આપું છું. સ્વીમીંગ દરમ્યાન મને કાંઈપણ થાય તે બાબતે સુરત મહાનગરપાલિકા કે તેમના કોઈપણ કર્મચારીની કોઈપણ પ્રકારની કોઈ જવાબદારી નથી, તે હકીકત પણ હું તથા મારા પરિવારનાં સભ્યો આ એફીડેવીટમાં સહી કરી સંમતિ આપીએ છીએ.

અમો કે અમારા વારસદારોએ ઉપરોક્ત વિષય અંગે તમોને સામે કોઈપણ જાતની તર–તકરાર કરવાની રહેશે નહી, એણી વિગતનો આ સોગંદ ઉપર સંમતિદર્શક કબુલાતનામાનો લેખ હમો હમારી રાજીખુશીથી તેમજ અકકલ હોશીંયારીમાં વાંચી, વંચાવી, સમજી, વિચારી, શરીર તથા મનની સ્વસ્થ અને તંદુરસ્ત હાલતમાં તમોને લખી આપ્યો છે. જે હમો તથા હમારા વંશવાલી વારસો તમામને પણ કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી. અને રહેશે સહી.

**ફોટો** | **ડાબા હાથના અંગુઠાનું નિશાન**

- **સ્વીમીંગ કરનાર સભ્યઃ–**

નામ : ......સ્વીમીંગ કરનાર સભ્યનું નામ લખવું.......

સહી : ......સ્વીમીંગ કરનાર સભ્યએ સહી કરવી.......

[ફોટા પર ક્રોસ સ હી કરવી.
સ્વીમીંગ કરનાર સભ્યનો ફોટો ચોંટાડવો અને તેની પર ક્રોસ સહી કરવી.]

(ડાબા હાથના અંગુઠાનું નિશાન કરો.)

- **જવાબદાર વ્યકિત–૧ઃ–**

નામ : ......રજીસ્ટ્રેશન દરમ્યાન જે જવાબદાર વ્યકિતનું નામ હોય તેમનું નામ લખવું.......

સહી :......રજીસ્ટ્રેશન દરમ્યાન જે જવાબદાર વ્યકિતનું નામ હોય તેમની સહી.......

મો.નં. ......રજીસ્ટ્રેશન દરમ્યાન જે જવાબદાર વ્યકિતનું નામ હોય તેનો મોબાઈલ નંબર લખવો.

[ફોટા પર ક્રોસ સહી કરવી.
રજીસ્ટ્રેશન દરમ્યાન જે જવાબદાર વ્યકિતનું નામ હોય તેનો ફોટો ચોંટાડવો અને તેની પર ક્રોસ સહી કરવી.]

(ડાબા હાથના અંગુઠાનું નિશાન કરો.)

- **અન્ય જવાબદાર વ્યકિત–૨ઃ–**

નામ : ......અન્ય જવાબદાર વ્યકિતનું પુરેપુરૂ નામ લખવું.......

સહી :......અન્ય જવાબદાર વ્યકિતએ સહી કરવી.......

મો.નં. ......અન્ય જવાબદાર વ્યકિતનો મોબાઈલ નંબર લખવો.

[ફોટા પર ક્રોસ સહી કરવી.
અન્ય જવાબદાર વ્યકિતનો ફોટો ચોંટાડવો અને તેની પર ક્રોસ સહી કરવી.]

(ડાબા હાથના અંગુઠાનું નિશાન કરો.)

————————×————————×————————×————————

**(નોંધઃ– આ કબુલાતનામું(એફિડેવિટ) સાથે ઉપરોક્ત સહી કરનાર તમામ વ્યકિતઓનાં આધારાકાર્ડની સ્વપ્રમાણિત ઝેરોક્ષની ૦૧ નકલ ફરજીયાત બિડાણ કરી જે–તે તરણકુંડ ખાતે જમા કરાવવાની રહેશે.)**